## જન્મદિને વધામણી



ડો. યશવંત છાટબાર
સિનીયર ઈએનટી સર્જન
મો. ૯૩૨૭૦ ૧૧૪૪૦



શાન્તાબેન જયંતિલાલ ગોહિલ



શૈલ અતુલકુમાર પ્રજાપતિ
મો. ૯૪૨૮૩ ૬૬૪૮૯

## યુનિવર્સિટી ઝોનલ યુવક મહોત્સવમાં ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કૉલેજ ઝળકી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત ઈન્ટર ઝોનલ યુવક મહોત્સવ અંતર્ગત ક્વિઝ સ્પર્ધામાં ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કૉલેજના વિદ્યાર્થી રોનક નાડિયા, મોહમ્મદ સાકીબ પટેલ અને ફરાઝખાન પઠાણની ટીમે દ્વિતિય ક્રમનું ઈનામ પ્રાપ્ત કરી કૉલેજ અને શહેરનું ગૌરવ વધાર્યું છે. સંસ્થા અને મેનેજમેન્ટ તરફથી આ વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સર્વાંગી પશુપાલન વિસ્તરણ પ્રશિક્ષણ કાર્યક્રમમાં માલધારીઓને પ્રશિક્ષિત કરાયા



ગાંધીનગર, તા. ૧૧

વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ અને કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિશ્વપ્રાણી દિવસ-૨૦૧૭ તથા વન્યપ્રાણી સપ્તાહ-૨૦૧૭દરમ્યાન ગીર વન વિસ્તારમાં રહેતા માલધારી પશુપાલકો માટે એક 'સર્વાંગી પશુપાલન વિસ્તરણ પ્રશિક્ષણ કાર્યક્રમ'નું આયોજન તા. ૪ થી ૬ ઓક્ટોબર, ૨૦૧૭ દરમ્યાન સાસણગીર, જુનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજક મુખ્ય વન સંરક્ષક, વન્ય પ્રાણી વર્તુળ ડૉ. એ.પી. સીંઘ, નાયબ વનસંરક્ષક પ્રદિપસીંઘ, નાયબ વન સંરક્ષક ડૉ. રામ રતન નાલા, નાયબ વન સંરક્ષક ડૉ. ટી. કરુપ્પા સામી, તથા મદદનીશ વન સંરક્ષકો પણ આ તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કામધેનુ યનિવર્સિટીમાંથી મહેમાન તરીકે ડૉ. ડી.બી. પાટીલ, સંશોધન નિયામક પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૪૦૦થી વધુ માલધારી પશુપાલકો તથા વન વિભાગના રેંજ ફોરેસ્ટ ઓફિસરો, રાઉન્ડ ફોરેસ્ટર્સ તથા બીટ ગાર્ડસ એમ મળીને કુલ ૫૫૦થી વધુ લોકો ઉપસ્થિત હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે ડૉ. પી.એચ. વાટલીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક તથા કાર્યકારી કુલપતિ, કામધેનુ યુનિવર્સિટીએ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં માલધારી પશુપાલકો માટે જુદા જુદા વિષયોનું તાંત્રિત માર્ગદર્શન કામધેની યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા આપવામાં આવેલ હતુ. જેમાં મુખ્યત્વે પશુરહેઠાણ, પશુમાવજત, પશુસ્વાસ્થ્ય, પશુઆહાર, વાછરડા-ઉછેર અને સ્વચ્છ દૂધ ઉત્પાદન વિષયને વિશેષ ભાર આપીને માલધારી પશુપાલકોને સર્વાંગી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અંતરિયાળ ગીરનાં જંગલમાં વસવાટ કરતા માલધારીઓને ખાસ કરીને પરોપજીવોનાં નિયંત્રણ અને વનૌષધિઓની વિવિધ રોગો સામે અસરકારકતા વિષે પ્રાથમિક સમજ અને તેની ઉપયોગીતા સમજાવવામાં આવ્યા હતા. તદઉપરાંત વન્યપ્રાણી, પાલતું પશુઓ તથા મનુષ્યને પરસ્પર અસર કરતાં રોગો અને તેના નિયંત્રણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા 'સંવેદના' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર,

ગાંધીનગરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સામાજીક જવાબદારીના ભાગરૂપે 'સંવેદના' કાર્યક્રમની શરૂઆત કરવામા આવી હતી. સમાજ પાસેથી મળેલુ પરત આપવા અંને વિધ્યાર્થીઓમા પોતાની વસ્તુઓ જરૂરીયાત વાળા લોકોને વહેચવાની આદત કેળવવાના ઉદ્દેશથી આ કાર્યક્રમ શરૂ કરવામા આવ્યો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત શાળામા ભણતા તમામ બાળકોને ઘરે પડેલા જૂના પણ વાપરી શકાય તેવા કપડા, પુસ્તકો, રમકડા કે અનાજનો ફાળો આપવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. બાળકોઅને વાલીઓનો આ કાર્યક્રમને અભૂતપુર્વ પ્રતીશાદ સાંપડ્યો હતો. ભેગી થયેલી તમામ સામગ્રી બાળકોનાજ હસ્તે દશેલા અને આલમપુર ગામના જરૂરીયાતમંદ લોકોને વિતરણ કરવામા આવ્યુ હતુ.

શૈક્ષણિક મુલ્યોની સાથે જીવનમુલ્યોનો પણ પાઠ શીખવવાના ઉમદા આશયથી શરૂ કરવામા આવેલ સંવેદના કાર્યક્રમ ની ભવ્ય સફળતાનો શ્રેય સમગ્ર વિધાર્થીઓ અને વાલીઓને જાય છે.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કમ્પ્યુટર અને મેનેજમેન્ટ કોલેજોના સંયુક્ત ઉપક્રમે ગરબાનો રંગારંગ કાર્યક્રમ

ગાંધીનગર,

કડી સર્વ વિશ્વવિદ્યાલય તેના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સાથે સાથે ભારતની સંસ્કૃતિમાં વણાયેલ તહેવારોની ઉજવણી કરી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. આ યુનિવર્સિટીની બી.બી.એ.,બી.સી.એ.,એમ.સી.એ. અને એમ.બી.એ. કોલેજોના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર સેક્ટર ૨૩ ખાતે શરદ પૂનમના દિવસે માં આદ્યશક્તિની ઉપાસના સમા નવરાત્રી પર્વની ઉજવણી હેતુ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખુબ શ્રદ્ધા પૂર્વક અધ્યાપક ગણ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા માં આદ્યશક્તિની આરતીથી શરૂઆત કરવામાં આવી હતી. આરતી બાદ તુરંત ઉપરોક્ત કોલેજોના તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ગરબા રમવા જોડાઈ ગયા હતા. આ યુનિવર્સીટીની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ખુબ મોટી સંખ્યામાં છાત્રાલયમાં રહે છે ત્યારે આવા વિદ્યાર્થીઓ માટે આ પ્રંસંગ અનેરો પ્રસંગ સાબિત થઈ રહ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે સાથે સંસ્થાનાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ગરબામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ખુબ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આપણા રાષ્ટ્રીય તહેવારો તેમજ નવરાત્રી, ગણેશ ચતુર્થી જેવા તહેવારોની સંસ્થા ખાતે ઉજવણી કરી સંસ્થાનાં વિદ્યાર્થીઓ તેમજ



કર્મચારીઓમાં પરિવારની ભાવના ઉજાગર થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. સંસ્થાના આ અભિગમનો વાલીગણ દ્વારા પણ સુંદર પ્રતિસાદ આપવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બીબીએ કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, એમસીએ કોલેજના ડાયરેકટર ડૉ. સંજયભાઈ એમ શાહ, એમબીએ કોલેજના ડો. સોનું ગુપ્તા તેમજ બીસીએ કોલેજના પ્રો. રૂપેશ વ્યાસ સહીત તમામ કોલેજના અધ્યાપકગણ તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિવિધ સંસ્થાઓના અધ્યાપકો ડો. નીરવ જોશી, પ્રો. રાકેશ ભટનાગર તેમજ પ્રો. કવન રાણા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૨

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુ.રા. ગાંધીનગરની તાજેતરમાં સામાન્ય સભા મળી હતી. આ કારોબારી સભ્યોની ગત તા. ૧૦-૧૦-૨૦૧૭ના રોજ મળેલ બેઠકમાં વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે હોદ્દેદારોની વરણી કરાઈ છે. જેમાં ભરતભાઈ વી.મોડીયા-પ્રમુખ, સુરપાલભાઈ અસોડા-ઉપપ્રમુખ, ગુણવંતભાઈ ભગોરા-મહામંત્રી, રાજેન્દ્રભાઈ તેજોત-સહમંત્રી, મહેન્દ્રભાઈ વી.મોડીયા-સંગઠનમંત્રી, વિનોદભાઈ દરગા-કોષાધ્યક્ષની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવી છે. જયારે ડૉ. કે.એન. બામણીયા અને ધીરુભાઈ ડામોરની કો.ઓપ્ટ. સભ્ય તરીકે પસંદગી કરીને તેમજ કે.એન. બામણીયાની મુખ્ય સલાહકાર તથા ધીરુભાઈ ડામોરની આંતરિક અન્વેષક તરીક સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

## એસ.જી.પ્રાથમિક શાળામાં કલોથ પેઈન્ટિંગની પ્રવૃત્તિનું આયોજન થયું



ગાંધીનગર,

એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ક્લોથ પેઈન્ટિંગની પ્રવૃતિનું આયોજન થયું ધોરણ-પથી૮ના વિદ્યાર્થીઓ કાપડ પર પેઈન્ટિંગ કેવી રીતે થાય તે હેતુથી સર્વવિધ્યાલય કેમ્પસમાં આવેલ નાથીબા હોલમાં શાળાના શિક્ષિકા નમ્રતા મેડમ અને રાની મેડમે પી.પી.ટી. દ્વારા કાપડ પર કેવી રીતે પ્રિન્ટ થાય છે તેના વિષે સમગ્ર માહિતી આપી હતી.




(૧) રેલવે માટેના ચેન્નઈ-કાજીપેટ કોરીડોર માટે કયા દેશ સાથે ભારતે સંયુક્ત ઘોષણા પર કરાર કર્યા છે ?
(એ) ઈટલી
(બી) જાપાન
(સી) ચીન
(ડી) રશિયા

(૨) ટ્રેક એશિયા કપના પ્રારંભે ભારતીય સાયકલ ચાલકોએ કેટલા ગોલ્ડ મેડલ જીત્યા હતા ?
(એ) ૪ (બી) ૬
(સી) ૫ (ડી) ૭

(૩) પ્રિમિયર બેડમિન્ટન લીગની ત્રીજી સિઝનની નિલામીમાં સૌથી મોંઘો ખેલાડી કોણ બન્યુ છે ?
(એ) શ્રીકાંત (બી) પી.વી. સિંધૂ
(સી) જવાલા ગટ્ટા (ડી) એસ. એસ. પ્રણય

(૪) ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડૂએ આંતરરાષ્ટ્રીય યોગ સંમેલનનું ઉદઘાટન કયા સ્થળેથી કર્યું હતું ?
(એ) બિહાર (બી) દિલ્હી
(સી) કેરલ (ડી) બંગાળ

(૫) તાજેતરમાં કયા કેન્દ્રિય મંત્રાલયે વેલ્યૂ ઈજિનિયરિંગ કાર્યક્રમ લાકુ કરવાનો નિર્મય કર્યો છે ?
(એ) સૂચના પ્રસારણ (બી) ગૃહ
(સી) રક્ષા (ડી) સડક પરિવહન રાજમાર્ગ

(૬) રાષ્ટ્રપતિએ કયા રાજયના માતા અમૃતાનંદમયી મઠની પરિયોજના - જીવ - અમૃતમ્‌ની શરુઆત કરી છે ?
(એ) બિહાર (બી) કેરલ
(સી) ઓડિશા (ડી) હરિયાણા

(૭) રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા આગામી સમયમાં કેટલા રાજયોમાં વિત્તીય (નાણાંકીય) જાગૃતિ કાર્યક્રમ શરુ કરવાનો નિર્ણય કર્યો છે ?
(એ) ૯ (બી) ૧૦
(સી) ૧૧ (ડી) ૧૨

(૮) ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટયુટ ઑફ ઈન્ડિયા (એફ.ટી.આઈ.આઈ.) ના નવા ચેરમેન પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) શેખર કપુર (બી) શેખર સુમન
(સી) અનુપમ ખેર (ડી) પ્રસૂન જોશી

(૯) સ્કિલ ઈન્ડિયા મિશન અંતર્ગત કેન્દ્ર સરકારે કેટલા લાખ યુવાનોને જાપાન મોકલવાની જાહેરાત કરી છે ?
(એ) ૧ લાખ (બી) ૩ લાખ
(સી) ૫ લાખ (ડી) ૭ લાખ

(૧૦) ભારતના કેટલા રાજયોમાં બાસમતી ચોખાની ખેચી પર રોક લગાવવામાં આવી છે ?
(એ) ૧૯ (બી) ૨૦
(સી) ૨૧ (ડી) ૨૨

# રિઝર્વ બેંકના સર્વેમાં અર્થતંત્રમાં હાનિનો સૂર!

દિપાવલીનાં પંદર દિવસ પહેલા જ દિવાળીનો ઉલ્લાસ આવી ગયો છે તેવું નિવેદન માનનીય પ્રધાનમંત્રી મોદીજીએ તાજેતરની ગુજરાત મુલાકાત વખતે વ્યક્ત કર્યું અને પ્રજામાં એક હકારાત્મક વિચારધારા પ્રગટાવાની સુંદર કોશિષ કરી કે જેના પાયામાં જીએસટીમાં આપવામાં આવેલી રાહતો મુખ્ય હતી. દિપાવલી પ્રકાશનું પર્વ કહેવાય છે પરંતુ લોકજીવનમાં જો તેજ ઘટતું જતું હોય તો કોઈ પણ ઉત્સવની ખરી ઉજવણી કરી શકાતી નથી. એક વર્ષ જે છેલ્લુ વિત્યુ તેમાં નવા ભારતનાં ઉદય માટે ઉતાવળે જે કોઈ પગલા લેવાયા તેનાથી જનહિતમાં ઉદાસીનતાનો માહોલ છવાયો છે પણ કહેવાય છે કે હેતુ મહત્ત્વનો હોય તો ભૂલ પણ ભૂલી શકાય છે. ઊંચું નિશાન હોવું એ જ ઉમદા જીવનશૈલી હોય છે. વિકાસ જેવા પવિત્ર ખ્યાલને રાજકારણ સંલગ્ન તત્ત્વોએ ઉકાળ્યો, ઉલેચ્યો અને તેમાંથી સુગંધનો નાશ કર્યો.

વિકસવું - કે વિસ્તરવું એ સ્વીકૃત જીવન પ્રણાલિ હોય છે, હવે તો એ પ્રથમ નક્કી કરવું પડે તેમ છે કે વિકાસ એટલે શું ? વિકાસને બધા જ લોકો આર્થિક દષ્ટિથી જ મૂલવતા હોય છે કે જયાં માથાદીઠ આવક વધે, પોષણયુકત આહાર મળે, આરોગ્ય સુધરે અને રોજગારીની માત્રામાં વૃદ્ધિ થાય. વિકાસનો લાભ છેવાડાના નાગરિક સુધી જવો જ જોઈએ તો અહેસાસ થાય કે નવું ભારત પોતાના કલેવર બદલી રહ્યું છે. વિકાસની યાત્રા અવિરત અને આર્થિક હોય છે. હાલમાં રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાના કન્ઝ્યુમર કોન્ફીડેન્સના સર્વેમાં દેશનાં છ મહાનગરોમાં મોજણી કરવામાં આવી તો તેમાં જે વિગતો પ્રાપ્ત થઈ એ નિરાશાવાદી લાગી, ગ્રાહકોનો વિશ્વાસ તૂટી રહ્યો છે, મેન્યુફેકચરીંગ ક્ષેત્રમાં સંવેદનાઓ ઘટી રહી છે અને મોંઘવારીમાં વૃદ્ધિ થતા લોકો માની રહ્યા છે કે વિકાસ વધ્યો નથી પણ ઘટી રહ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૧૬માં ૨૫.૩ ટકા લોકો અર્થતંત્રની સ્થિતિ સારી નથી તેવું માનતા હતા પરંતુ સપ્ટેમ્બર, ૨૦૧૭માં ૪૦.૭ટકા




લોકો માને છે કે અર્થથંત્રની હાલત વણસી છે ડિસેમ્બર-૧૬માં ૬૬.૩ ટકા લોકો માનતા હતા કે અર્થતંત્રની હાલત સુધરશે પરંતુ હવે ફક્ત ૫૦.૮ ટકા લોકો જ એવું માને છે કે સ્થિતિ બદલાશે અર્થાત્ લોકોમાં નકારાત્મક ચિત્ર ઊભું થઈ રહ્યું છે. આ સર્વે રિઝર્વ બેંકનો છે જે ૬ મેટ્રો સિટીમાં હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વેમાં ૮૦ ટકા લોકો એ કહ્યું છે કે મોંઘવારી વધવાને કારણે ખર્ચમાં વધારો થયો છે. બીજી મહત્ત્વની વાત એ સામે આવી છે કે ૪૩.૭ ટકા લોકો માને છે કે રોજગારીની સ્થિતિ વિકૃત થઈ રહી છે કારણ કે એલ એન્ડ ટી, બેન્કો અને ટેલિકોમ કંપનીઓ દ્વારા કર્મચારીઓની છટણી કરવામાં આવી છે !

આઈ.ટી. ક્ષેત્રમાં હવે ઉછાળાની હાલત પણ જોવા મળતી નથી. અન્ય ક્ષેત્રો જેવા કે કૃષિ, મેન્યુફેકચરીંગ, સેવાકીય એ દરેકમાં નિરાશાવાદી માહોલ વધી રહ્યો છે ત્યારે પ્રશાસન દ્વારા માત્ર પ્રતિક્રિયા આપવાના બદલે સ્થિતિમાં સુધારણા થાય એ માટે આયોજન સત્વરે અમલમાં મૂકવું જરૂરી લાગે છે. એક નો ખર્ચ બીજાની આવક બન છે એ નિયમ મુજબ પણ સરકારે પોતાના ખર્ચમાં વૃદ્ધિ કરવી આવશ્યક છે. પ્રજાને આવક વૃદ્ધિથી તથા ઘટતી મોંઘવારીમાં રસ છે એટલે માત્ર ટૂંકાગાળાના હેતુઓ ને ધ્યાનમાં રાખીને વિજ્ઞાપનો કરવાથી પ્રશ્ન ઉકલી જાય તેમ નથી.

ગ્રામ્ય વિસ્તારનો અવાજ આ સર્વેમાં કવર થતો નથી પરંતુ જો એમ બને તો ચોક્કસ એ સુર બહાર આવે કે અસંગઠિત શ્રમિકોની આર્થિક સ્થિતિ નોટબંધી બાદથી આજ સુધીમાં સુધરી નથી અથવા જોબ અને વેતનમાં અસ્થિરતા વ્યાપક થઈ છે. મોટા મોટા પ્રોજેકટમાં મહારથીઓની મદદ લેવી જ પડે પરંતુ એન.પી.એ. વૃદ્ધિના ભયથી બેન્ક ક્રેડીટ વિસ્તૃત થઈ શકી નથી - એ પણ નક્કર કારણ છે. વિકસવા માટે નાણું આવશ્યક છે પણ કાળુ નાણું એ મારી બલા છે જે મદદ કરે તેમ નથી. માત્ર કરદાતાઓ વધવાથી પરિણામ મળી જતુ નથી. ચારે તરફ કરચોરી ઉમર જ ધ્યાન અપાઈ રહ્યું છે અને બીજી તરફ હવે પ્રજા થાકતી જાય છે કારણ કે ખર્ચા વધતા જાય છે !

યાદ રાખો કે ચૂંટણીઓ એ લોકશાહીના અસ્તિત્વ માટેની એક પ્રક્રિયા છે તે મંઝિલ નથી. લોકહિત તથા નક્કર વિકાસ એ સાચી ફળશ્રુતિ લોકશાહીની પહેચાન બને છે શહેરોમાં રાજમાર્ગો પર ભૂખ્યાજનોની ભીની આંખોમાં આંખ પરોવીને કદી ક પીડાની ભાષા વાંચો તો ખબર પડે કે આપણે વાસ્તવમાં કયાં જઈ રહ્યા છીએ !

મોદી સાહેબની ધગશ ઉત્સાહ અને સ્વપ્ના ઉપર અઢળક માન છે તેમાં કોઈ શંકા નથી પણ પાછા વળીને એક નજર જમીની હકીકતો ઉપર નાંખતા જાઓ તો કયાં ભૂલ છે તે અવશ્ય સમજાઈ જશે. સામાજિક સંતોષની માત્ર જો વધે નહીં તો કાળક્રમે ક્રાંતિ ઊભી થતી જ હોય છે. દિપાવલીના શુભ દિવસોમાં પુરા ભારતમાં શુભ કાર્યો વિસ્તરે અને બધા જ લોકોનાં દિલમાં શાંતિના દીવડા પ્રગટે એ જ અભ્યર્થના.

**શેર આસ્વાદ :**

એકાદ જાણીતા ટકોરાની રાહમાં
આખ્ખી રાત જાગે છે અધખુલ્લા કમાડ

